મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૫-૦૭-૨૦૨૬
બુધવાર

વર્ષ : ૧૨ ★ અંક નં : ૮૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

## મહેસાણામાં હનીટ્રેપનો ચોંકાવનારો કિસ્સોઃ એન્ટીક સિક્કાના બહાને વેપારીને ફસાવી ૪.૩૫ લાખ પડાવ્યા

# એન્ટીક સિક્કા લેવા માટે બોલાવી વેપારીને ફ્લેટમાં બંધક બનાવી, બિભત્સ ફોટા પાડીને લાખોની ખંડણી કરી વસૂલવાની ગેંગનો મહેસાણા પોલીસ દ્વારા પર્દાફાશ

મહેસાણા શહેરમાં હનીટ્રેપની એક અત્યંત ચોંકાવનારી અને શરમજનક ઘટના સામે આવી છે. જેમાં એક વેપારીને એન્ટીક સિક્કા આપવાના બહાને એક મહિલાએ ફ્લેટમાં બોલાવીને બંધક બનાવ્યા હતા. આ ટોળકીએ વેપારીના કપડાં ઉતરાવી બિભત્સ ફોટા પાડી લાખો રૂપિયાની ખંડણી પડાવી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. મહેસાણા શહેર 'એ' ડિવિઝન પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આ હનીટ્રેપ ગેંગના બે સાગરીતોને ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી મોટી સફળતા મેળવી છે.

ઘટનાની વિગતો મુજબ, ગત ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ અમદાવાદના એક વેપારી પોતાના કામ અર્થે અમદાવાદથી પાટણ જઈ રહ્યા હતા. તે દરમિયાન તેમના મોબાઈલ પર નયનાબેન નામની મહિલાનો ફોન આવ્યો હતો. મહિલાએ એન્ટીક સિક્કા આપવાની લાલચ આપી વેપારીને મહેસાણાના બિલાડીબાગ પાસે આવેલા ખુશ્બુ એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૯માં બોલાવ્યા હતા. વેપારી જ્યારે ફ્લેટ પર પહોંચ્યા ત્યારે નયનાબેને તેમને અંદર લીધા હતા અને ત્યાં હાજર આરતીબેન નામની મહિલાએ તરત જ દરવાજો બંધ કરી દીધો હતો.

ફ્લેટમાં અગાઉથી જ વીકી અને ધર્મેશ નામના બે શખ્સો હાજર હતા. જેઓએ વેપારીને રૂમમાં લઈ જઈ પરાણે નીચે બેસાડી, નયનાબેન સાથે કપડાં કઢાવી બિભત્સ ફોટા પાડી લીધા હતા. આરોપીઓએ વેપારીને પટ્ટા વડે ઢોર માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી ખિસ્સા માંથી રોકડ રૂ. ૧૦,૦૦૦ તેમજ પાકીટમાંથી આધારકાર્ડ અને વિઝિટિંગ કાર્ડના પણ ફોટા પાડી લીધા હતા. ત્યારબાદ આરોપી ઓએ જો ૩ લાખ રૂપિયા નહીં આપે તો પત્ની અને દીકરાને ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી.

આરોપીઓ આટલેથી જ ન અટક્યા, આરોપી ધર્મેશે વેપારીના ગળામાંથી આશરે ૧૮ ગ્રામની સોનાની રુદ્રાક્ષ માળા (કિંમત રૂ. ૨ લાખ) અને વીકીએ હાથની સોનાની બે વીંટીઓ (કિંમત રૂ. ૧.૭૫ લાખ) બળજબરી પૂર્વક કઢાવી લીધી હતી. આટલું ઓછું હોય તેમ, વધુ ૫૦ હજાર રૂપિયા પડાવવા માટે સહ આરોપી વિમલને પાટણ ખાતે ફરિયાદીના મિત્ર પાસે મોકલી રોકડા મંગાવી લીધા હતા. આ રીતે ગેંગે કુલ ૪.૩૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા.

ભોગ બનનારે હિંમત દાખવી મહેસાણા શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુનો દાખલ કરી પીઆઈ પારઘી અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે પોલીસે ઉચરપી ગામ તરફ જવાના રસ્તેથી મુખ્ય આરોપી વિક્રમ પટેલ ઉર્ફે વીકી (રહે. મહેસાણા, મૂળ. લાડોલ, વિજાપુર) અને વિમલસિંહ વાઘેલા (રહે. ખુશ્બુ એપાર્ટમેન્ટ, મહેસાણા, મૂળ. બનાસકાંઠા)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂ. ૫૦ હજાર અને ૧.૭૫ લાખની કિંમતની બે સોનાની વીંટીઓ મળી કુલ ૨.૨૫ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે.



**પોલીસની જનતાને અપીલઃ**પોલીસે જનતાને સાવચેત રહેવા અનુરોધ કર્યો છે કે, અજાણ્યા નંબર પરથી આવતા લલચામણા કે શંકાસ્પદ ફોનથી ભરમાવું નહીં. જો ક્યારેય આવા કોઈ ષડયંત્રનો ભોગ બનાય, તો ડર્યા વગર તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો.

આ કેસ અંગે ડિવાએસપી મિલાપ પટેલે જણાવ્યું હતું કે, વિક્રમ ઉર્ફે વીકી અને ધર્મેશ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને અગાઉ પણ હનીટ્રેપના ગુનાઓમાં સંડોવાયેલા છે. આ ગેંગમાં સામેલ અન્ય ત્રણ આરોપીઓ ધર્મેશ પંડ્યા, નયના પટેલ અને આરતી ઠાકોર હાલ પોલીસ પકડથી દૂર છે, જેમની ધરપકડ કરવા માટે પોલીસ ટીમો દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# મહેસાણામાં પોલીસનું મેગા ચેકિંગઃ નિયમોનું ઉલ્લંઘન કરનાર ૫ સંચાલકો સામે ગુનો દાખલ

**ગેસ્ટ હાઉસમાં બહારથી આવતા તમામ મુસાફરોની એન્ટ્રી બુક નિયમિત નિભાવવી.**

'પથિક સોફ્ટવેર' માં ફરજિયાત એન્ટ્રી કરવી.
હોટેલ/ગેસ્ટ હાઉસ પરિસરમાં સીસીટીવી કેમેરા સતત ચાલુ રાખવા.
કોઈપણ ગ્રાહકને આઈડી પ્રૂફ (ઓળખપત્ર) વગર રૂમ ફાળવવો નહીં.
ફાયર સેફ્ટીના સાધનો સજ્જ રાખવા તેમજ પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા જાળવવી.

મહેસાણા જિલ્લાના ઉનાવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાના હેતુથી સ્થાનિક પોલીસ દ્વારા હોટેલો, ઢાબાઓ અને ગેસ્ટ હાઉસમાં એક સરપ્રાઈઝ મેગા ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ સ્પેશિયલ સર્ચ ઓપરેશન દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારા ૫ હોટેલ અને ગેસ્ટ હાઉસના સંચાલકો સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ગાંધીનગર રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ અને મહેસાણાના પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી ના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર મહેસાણા જિલ્લામાં ગેસ્ટ હાઉસોના લાયસન્સ, ફાયર સેફ્ટી, વાહન પાર્કિંગ અને પથિક સોફ્ટવેરના ઉપયોગ અંગે કડક તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. જે અંતર્ગત મહેસાણા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક મિલાપ પટેલના માર્ગદર્શન હેઠળ ઉનાવા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.વી. પઢારીયાની ટીમે આ આકસ્મિક ચેકિંગ હાથ ધર્યું હતું.

ઉનાવા પોલીસની ટીમે વિસ્તારના તમામ મુસાફિર ખાનાઓ અને હોટેલોમાં રોકાયેલા લોકોની પ્રોફાઈલ ચેક કરી હતી. ખાસ કરીને અન્ય રાજ્યોમાંથી આવીને રહેતા પરપ્રાંતીય મુસાફરો અને શંકાસ્પદ હિલચાલ ધરાવતી વ્યક્તિઓની આગવી ઢબે પૂછપરછ કરી તેમની ઓળખના પુરાવાઓ તથા જરૂરી દસ્તાવેજોની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી હતી.

સર્ચ ઓપરેશન દરમિયાન પોલીસે તમામ હોટેલ અને ગેસ્ટ હાઉસના માલિકો તેમજ મેનેજરો સાથે બેઠક યોજીને નીચે મુજબની મહત્વની સૂચનાઓ આપી હતીઃ

પોલીસ તપાસ દરમિયાન જે હોટેલ અને ગેસ્ટ હાઉસમાં નિયમોનું પાલન થતું ન હોવાનું માલુમ પડ્યું, તેવા કુલ ૦૫ હોટેલ-ગેસ્ટ હાઉસ સંચાલકો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી ઉનાવા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સ્થાનિક સ્તરે સુરક્ષા વ્યવસ્થા લોખંડી બને અને કોઈ અસામાજિક પ્રવૃત્તિ ન પાંગરે તે માટે ઉનાવા પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીને સ્થાનિકોએ બિરદાવી છે.

આ પ્રકારના આકસ્મિક ચેકિંગના કારણે ગેસ્ટ હાઉસના સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને આવનારા દિવસોમાં પણ પોલીસ દ્વારા આવી કાર્યવાહી ચાલુ રહેવાના સંકેતો મળી રહ્યા છે.



# બનાસકાંઠા રથયાત્રાને લઈ પાલનપુર પોલીસ હેડક્વાર્ટર ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

પાલનપુર પોલીસ હેડક્વાર્ટર ખાતે જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબેના અધ્યક્ષસ્થાને આગામી રથયાત્રાના આયોજન અંગે શાંતિ સમિતિની મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પાલનપુર અને ડીસાના ડીવાયએસપી સહિતના પોલીસ અધિકારીઓ તેમજ હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો અને વિવિધ સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય પાલનપુર, ડીસા અને અંબાજી ખાતે યોજાનારી ભગવાન જગન્નાથની રથયાત્રાને શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન કરવાનો હતો. આ દરમિયાન રથયાત્રાના નિર્ધારિત રૂટ, સુરક્ષા વ્યવસ્થા અને અન્ય આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડાએ આયોજકો પાસેથી તૈયારીઓ વિશે માર્ગદર્શન મેળવીને કોઈ પણ પ્રકારની મુશ્કેલીના કિસ્સામાં તુરંત પોલીસનો સંપર્ક કરવા સુચના આપી હતી.



આયોજકોએ બેઠકમાં જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં દર વર્ષે રથયાત્રા અત્યંત શાંતિ અને ભાઈચારાના માહોલમાં ઉજવવામાં આવે છે, જેમાં બંને સમાજના લોકો ખભેથી ખભો મિલાવીને સહયોગ આપે છે. આ પરંપરાને જાળવી રાખવા સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબેએ વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, પોલીસ તંત્ર તમામ પ્રકારની સુરક્ષા માટે સજ્જ છે. આ બેઠક દ્વારા વિવિધ પક્ષો સાથે સંકલન સાધીને રથયાત્રાને સુરક્ષિત અને સફળ બનાવવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. સમાજના તમામ વર્ગોના સહકારથી આ વર્ષે પણ રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

# મહેસાણામાં રથયાત્રા પૂર્વે એસઓજી ની મોટી કાર્યવાહી, દેશી બંદૂક સાથે એક ઇસમ ઝડપાયો

આગામી સમયમાં યોજાનારી ભગવાન જગન્નાથની રથયાત્રાને ધ્યાનમાં રાખીને મહેસાણા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવા માટે પોલીસ તંત્ર સંપૂર્ણપણે એક્શન મોડમાં આવી ગયું છે. ગાંધીનગર રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ અને મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા નાસતા-ફરતા આરોપીઓ તેમજ ગેરકાયદેસર હથિયારો રાખતા તત્વો પર કડક વોચ રાખવાની સુચના આપવામાં આવી છે. આ સુચનાના અનુસંધાને મહેસાણા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ ને એક મોટી સફળતા સાંપડી છે.

મહેસાણા એસઓજી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. કામળીયાના સુપરવિઝન હેઠળ પોલીસ સ્ટાફ મહેસાણા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ યોગેશકુમાર નારણભાઈ અને જયેશકુમાર લવજીભાઈને સંયુક્ત રીતે ખૂબ જ મહત્વની બાતમી મળી હતી કે, મોજે મેવડ ગામની સીમમાં આવેલ સાઈ ટાટા મોટર્સની પાછળના વિસ્તારમાં આવેલા ખરાબાની ઝાડી-ઝાખરામાં એક ઈસમ શંકાસ્પદ હાલતમાં ફરી રહ્યો છે. આ ઈસમ પાસે ગેરકાયદેસર દેશી હાથબનાવટની બંદૂક છે અને તે તેને વેચવા અથવા તેનો નિકાલ કરવાના ઈરાદે ત્યાં છુપાયો છે.

બાતમી મળતાની સાથે જ એસઓજી ની ટીમે પંચોને સાથે રાખીને સદરી જગ્યાએ ઓચિંતી રેઈડ કરી હતી. પોલીસની ટીમે સ્થળ પરથી એક ઈસમને દબોચી લીધો હતો. ઝડપાયેલા ઈસમની અંગજડતી લેતા તેની પાસેથી વગર પાસ-પરમીટ કે લાયસન્સ વગરની દેશી હાથબનાવટની એક નાળી બંદૂક (અગ્નીશસ્ત્ર) મળી આવી હતી.



પોલીસે પકડાયેલા આરોપીની ઓળખ સિંધી સલીમભાઈ સિદીકભાઈ થારૂભાઈ (રહે. લશ્કરીકુવા, પાણીની ટાંકી પાસે, રાધનપુર ચોકડી, મહેસાણા) તરીકે કરી છે. પોલીસે તેની પાસેથી રૂ. ૫,૦૦૦ ની કિંમતની એક દેશી બંદૂક કબ્જે કરી છે. આ મામલે આરોપી સામે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં કાયદેસરનો ગુનો રજીસ્ટર કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ડીસામાં રથયાત્રા શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે માટે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

ડીસામાં આગામી અષાઢી બીજના પવિત્ર પર્વ નિમિત્તે નીકળનારી ભગવાન જગન્નાથની રથયાત્રાને ધ્યાનમાં રાખીને સુરક્ષા અને આયોજનના ભાગરૂપે ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશન ખાતે એક મહત્વપૂર્ણ શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં હિંદુ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓ તેમજ વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓએ ખાસ હાજરી આપી હતી.

આ બેઠકમાં ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.બી. કોટવાલ, ઉત્તર પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.આર. ખત્રી તથા ડીસા પાલિકાના પ્રમુખ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય હેતુ રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને બંને સમાજ વચ્ચે પરસ્પર ભાઈચારો અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ બની રહે તે સુનિશ્ચિત કરવાનો હતો.

બેઠક દરમિયાન પોલીસ અધિકારીઓ દ્વારા રથયાત્રાના આયોજકોને રૂટ અને સુરક્ષા સંબંધિત જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિશેષ કરીને, શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે ડી.જે. સાઉન્ડ સંચાલકોને અવાજનું પ્રમાણ મર્યાદિત રાખવા અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરવામાં આવી હતી.

વધુમાં, રથયાત્રાના રૂટ પર રખડતા પશુઓને કારણે ભક્તો કે રથને કોઈ અવરોધ ન નડે તે માટે પાલિકા દ્વારા વિશેષ વ્યવસ્થા હાથ ધરવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્થાનિક આગેવાનોએ પણ પોલીસ તંત્રને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી અને રથયાત્રાને ઉત્સાહ તેમજ શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે સહમતી દર્શાવી હતી. પોલીસ તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.




# ઇથેનોલ ભારતને ઇંધણમાં આત્મનિર્ભર બનાવશે....

સ્વતંત્રતા પછી, ભારતે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો જોયા છે જેણે દેશને બદલી નાખ્યો છે. હરિયાળી ક્રાંતિએ આપણને ખાદ્ય અનાજમાં આત્મનિર્ભર બનાવ્યો. હવે, સરકારનો ઈથેનોલ કાર્યક્રમ ઈંધણ સ્વનિર્ભરતા પ્રાપ્ત કરવાનો છે. ભારત ક્રૂડ ઓઈલ આયાત પર વાર્ષિક ?૭ લાખ કરોડથી વધુ ખર્ચ કરે છે. આ નાણાં વિદેશમાં જાય છે, જે આપણા અર્થતંત્ર પર બોજ વધારે છે અને આપણને અન્ય દેશો પર નિર્ભર બનાવે છે. જ્યારે ખાડી દેશોમાં તણાવ પેદા થાય છે, ત્યારે ક્રૂડ ઓઈલના ભાવ વધે છે, જેની સીધી અસર સામાન્ય ભારતીયોના ખિસ્સા પર પડે છે. સરકારનું ઈથેનોલ મિશન આ નિર્ભરતાને તોડવાનો પ્રયાસ છે. સરળ શબ્દોમાં કહીએ તો, તમારા પોતાના શેરડીમાંથી, તમારા પોતાના ખેતરોમાંથી તમારું પોતાનું બળતણ ઉત્પન્ન કરો.

આ દિશામાં, કેન્દ્ર સરકારે તાજેતરમાં ૨૨%, ૨૫%, ૨૭% અને ૩૦% ઈથેનોલ ધરાવતા પેટ્રોલ પરની એક્સાઈઝ ડ્યુટી દૂર કરી છે. આનો અર્થ એ થયો કે વધુ ઈથેનોલ સામગ્રીવાળા પેટ્રોલનું ઉત્પાદન હવે સસ્તું થશે. સરકારે ૧૦૦% ઈથેનોલને પણ કાયદેસર બનાવ્યું છે. જ્યારે ૨૦૧૮ માં આ યોજના શરૂ કરવામાં આવી હતી, ત્યારે પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ પાંચ ટકાથી ઓછું હતું. ૨૦૨૩-૨૪માં, આ રકમ વધીને ૧૫%થી વધુ થઈ ગઈ છે. આજે, ૨૦% ઈથેનોલ (ઈ-૨૦ ઈંધણ) પેટ્રોલમાં ભેળવવામાં આવી રહ્યું છે. ઈ-૨૦ ના રાષ્ટ્રીય અમલીકરણથી આયાત બિલમાં વાર્ષિક આશરે ? ૩૦,૦૦૦ કરોડનો ઘટાડો થવાની ધારણા છે.

ભારતમાં ઈથેનોલ ઉત્પાદન માટે પુષ્કળ સંસાધનો છે. આજે, મોટાભાગનું ઈથેનોલ શેરડીના મોલાસીસ અને બગડેલા અથવા વધારાના અનાજમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ ભવિષ્યમાં, ઘણા વધુ સ્રોતો ઉપલબ્ધ છે. ઈથેનોલ વાંસ, સ્ટબલ, લણણી પછી ખેતરોમાં બાકી રહેલા પાકના અવશેષો અને ચોક્કસ પ્રકારના શહેરી કચરામાંથી પણ ઉત્પન્ન થઈ શકે છે. આને બીજી પેઢીનું ઈથેનોલ કહેવામાં આવે છે. તે ખાદ્ય પાકોનો ઉપયોગ કરતું નથી, તેથી તે ખાદ્ય સુરક્ષાને અસર કરતું નથી. સરકાર ભવિષ્યમાં ઈથેનોલનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરતા પ્રોજેક્ટ્સને પણ પ્રોત્સાહન આપી રહી છે. ખેડૂતોને આનો સૌથી વધુ ફાયદો થયો છે.

ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને બિહારમાં શેરડીના ખેડૂતો લાંબા સમયથી ઓછી કિંમતો અને ખાંડ મિલોથી વિલંબિત ચુકવણી જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ઈથેનોલ યોજનાએ આ પરિસ્થિતિને બદલવાનું શરૂ કર્યું છે. હવે, ડિસ્ટિલરીઓ સરકારી ગેરંટી સાથે ઈથેનોલ ખરીદે છે, જેનાથી ખાંડ મિલોને આવકનો વધારાનો સ્રોત મળે છે. તેનો લાભ ખેડૂતો સુધી પણ પહોંચી રહ્યો છે, અને તેમને સમયસર ચુકવણી મળી રહી છે. પર્યાવરણની વાત કરીએ તો, ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલ ઓછું ધુમાડો ઉત્પન્ન કરે છે. તે હાનિકારક કણો અને કાર્બન મોનોક્સાઈડ ઉત્સર્જન ઘટાડે છે. ઈલેક્ટ્રિક વાહનો અને સૌર પેનલ પણ આવશ્યક છે, પરંતુ તેમને નોંધપાત્ર રોકાણ અને લાંબી રાહ જોવાની જરૂર છે. ઈથેનોલ મિશ્રણ આજના વાહનો, આજના પેટ્રોલ પંપ અને આજના કૃષિ સાથે કામ કરે છે; આ તેની સૌથી મોટી તાકાત છે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે જો ઈથેનોલ વધતું રહેશે, તો ભવિષ્યના વાહનો કેવા હશે? જવાબ છે ફલેક્સ-ફ્યુઅલ વાહનો. આ વાહનો પેટ્રોલ, ઈથેનોલ અથવા બંનેના કોઈપણ મિશ્રણ પર ચાલી શકે છે. તેમાં સ્માર્ટ એન્જિન છે જે ટાંકીમાં બળતણને આપમેળે સમજે છે અને તે મુજબ કાર્ય કરે છે. ફલેક્સ-ફ્યુઅલ વાહનોની આ સાચી તાકાત છે. મારુતિના વેગન આરનું ફલેક્સ-ફ્યુઅલ મોડેલ બજારમાં આવી ચૂક્યું છે. તેમાં ઈથેનોલ સેન્સર, સુધારેલ ફ્યુઅલ ઈન્જેક્શન સિસ્ટમ અને કાટ-પ્રતિરોધક ભાગો છે જે વધુ ઈથેનોલ વપરાશનો સામનો કરી શકે છે. ઈ-૨૦ નું સૌથી ચર્ચિત પાસું તેનું માઈલેજ છે. તાજેતરમાં, કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ પણ સ્વીકાર્યું હતું કે પેટ્રોલ કરતાં ઈથેનોલના ઓછા કેલરીફિક મૂલ્યને કારણે, ઈ-૨૦ ઈંધણનો ઉપયોગ કરીને માઈલેજમાં થોડો ઘટાડો થઈ શકે છે. જો કે, આ અસર સામાન્ય પરિસ્થિતિઓમાં મર્યાદિત છે, અને ઈ-૨૦ ને કારણે વાહનોને કોઈ નુકસાન થયાના કોઈ પુરાવા નથી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# દાન ચોરાય, પણ રામ નામ નહીં જ્યાં શ્રદ્ધા હોય ત્યાં જ સાચો ધર્મ ટકે

## રામ નામની પેટી ક્યારેય ખાલી નથી થતી




જ્યારે દુનિયા બધું છીનવી લે ત્યારે શું બચે?માણસ જીવનમાં બે વસ્તુઓ ભેગી કરે છે.એક બાહ્ય અને એક આંતરિક.બાહ્ય છે પૈસો,મકાન, નામ, પ્રતિષ્ઠા.આંતરિક છે શાંતિ, વિશ્વાસ,ભક્તિ.બાહ્ય વસ્તુઓ સમય સાથે ઘસાય છે. ક્યારેક ચોરાય છે, ક્યારેક તૂટે છે. પણ આંતરિક સંપત્તિ એવી છે જેને ન કોઈ ચોરી શકે,ન કોઈ બાળીશકે.
સનાતન ધર્મમાં.એ આંતરિક સંપત્તિ નું નામ છે ×નામ×અને નામોમાં પણ સર્વોપરી નામ છે ×રામ×.×નામ અને નામી અભેદ છે×એવું વેદ કહે છે. એટલે કે જ્યાં રામ નામ છે ત્યાં રામ પોતે છે.
તુલસીદાસજી આ જ કારણેબોલ્યા ×કલિયુગ કેવલ નામ અધારા સુમિર સુમિર નર ઉતરહિ પારા×આજે જ્યારે અયોધ્યાની પવિત્ર ભૂમિ પરથી ×દાનની ચોરી×ના આક્ષેપોના સમાચાર આવે છે, અને સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્ર સરકાર,યુપી સરકાર તથા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને નોટિસ ફટકારવામાં આવે છે, ત્યારે આપણો વિશ્વાસ ડગમગે છે.
શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય મહંત દિનેન્દ્રદાસ મહારાજ કહે છે કે ×અમે કોર્ટના નિર્ણયનું સન્માન કરીશું કારણ કે સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી જ અમે ટ્રસ્ટી બન્યા છીએ.×

પણ સંતો એક વાત કહે છે જે આ ક્ષણે આપણને સંભાળે છે: ×મંદિરની ઈંટો તૂટી શકે,દાનની પેટી ખાલી થઈ શકે,પણ રામ નામની પેટી ક્યારેય ખાલી નથી થતી.તેને ભરવા માટે રૂપિયા નહીં,ભાવ જોઈએ.×

આ લેખ એ જ ભાવને સમજવાની યાત્રા છે. ★રામ નામ શા માટે બ્રહ્મ સમાન છે?ગુરુ વશિષ્ઠે દશરથના પુત્રનું નામ ×રામ×પાડ્યું.બાળપણમાં તેમને ×રાઘવ× પણ કહેવાયા. ×રા× એટલે જે પાપને બાળે.×મ×એટલે જે મોક્ષ આપે.

વાલ્મિકી રામાયણમાં રામને મર્યાદા પુરુષોત્તમ કહ્યા. રામચરિતમાન સમાં તેમને કરુણાના સાગર કહ્યા. દરેક યુગમાં, દરેક ગ્રંથમાં રામના ગુણો પ્રમાણે નવા નામ મળ્યા.
શાસ્ત્ર કહે છે ૧૦૮ નામનો જાપ કરવાથી સર્વ સિદ્ધિ મળે.પણ આજના વ્યસ્ત જીવનમાં ૧૦૮ શક્ય ન હોય તો ઋષિઓએ ૧૦ મુખ્ય નામ આપ્યા. દરેક નામ એક ચાવી છે. અને દરેક ચાવી જીવનની એક તાળું ખોલે છે.
★જીવનની દસ દિશા સુધારનારા રામના દસ નામ★૧.શ્રી રામ મનની શાંતિના દાતા અર્થ: ×રમંતે યોગીનઃ યસ્મિન્ સઃરામઃ×જેમાં યોગી રમણ કરે.
આજે સૌથી મોટો રોગ છે માનસિક અશાંતિ.ડિપ્રેશન,એન્ઝાયટી,નિર્ણય ન લઈ શકવાની સ્થિતિ.
શાસ્ત્ર કહે છે જ્યારે મન ભટકે ત્યારે ×શ્રી રામ×નામનો આશરો લો.
★કથા સંદર્ભ: જ્યારે હનુમાનજી લંકામાં સીતાજીને મળ્યા ત્યારે સૌથી પહેલા ×રામ×નામ જ સંભળાવ્યું. અને સીતાજીનું દુઃખ અડધું ઓછું થયું.
★જાપ: સવારે ૧૦૮ વાર ×? શ્રી રામાય નમઃ×૨૧ દિવસ કરવાથી મનમાં સ્થિરતા આવે છે.
★૨.રમાપતિ સંબંધોના સેતુ અર્થ: રમાપતિ = સીતાપતિ આજે લગ્ન તૂટે છે,વિશ્વાસ તૂટે છે.ઘરમાં બોલાચાલી સામાન્ય બની ગઈ.
રમાપતિ નામ સંબંધમાં મધુરતા લાવે છે.કારણ કે રામ-સીતાનો સંબંધ ત્યાગ અને સમર્પણનો છે.
★આજનું જોડાણ:જ્યારે દાનના નામે પણ વિશ્વાસઘાત થાય, ત્યારે રમાપતિ શીખવે છે કે સંબંધ ટકાવવા માટે પૈસા નહીં,નિષ્ઠા જોઈએ.
★જાપ: શુક્રવારે સીતા-રામની પૂજા કરીને ૧૧ માળા×? રમાપતયે નમઃ×
★૩.રઘુનાથ જ્ઞાન અને યશનાસ્વામી રઘુવંશના નાથ.રઘુ રાજા દાનવીર હતા.વિદ્યાર્થીઓ માટે આ નામ વરદાન છે.પરીક્ષાનો ડર,એકાગ્રતા નો અભાવ આ નામથી દૂર થાય.
★કથા:રામે જ્યારે ગુરુકુળમાં ભણ્યા ત્યારે રઘુનાથ તરીકે જ જ્ઞાન મેળવ્યું.
★જાપ:ભણવા બેસતા પહેલા ત્રણ વાર ×જય રઘુનાથ×.નોકરીમાં પ્રમોશન માટે પણ લાભદાયી.
★૪.અવધેશ કાર્યસિદ્ધિના રાજા અયોધ્યાના ઈશ.×અ-યોધ્યા× એટલે જેને યુદ્ધથી જીતી ન શકાય. આજે સરકારી કામ અટકે, ધંધામાં નુકસાન થાય,ઈન્ટરવ્યૂમાં નાપાસ થવાય. અવધેશ નામ નેતૃત્વ અને આત્મવિશ્વાસ આપે છે.
★જાપ: સોમવારે ×? અવધેશાય નમઃ×.૪૦ દિવસ કરવાથી અટકેલા કામ બને છે.
★૫. શ્રીમન રાજેન્દ્ર પ્રતિષ્ઠાના રક્ષક શ્રીમન=લક્ષ્મીવાન.રાજેન્દ્ર = ચક્રવર્તી.આજે સોશિયલ મીડિયાના જમાનામાં માન-સન્માન સૌથી જલ્દી ખરાબ થાય.
આ નામ વ્યક્તિત્વમાં તેજ આપે છે પણ શીખવે છે કે સાચું સન્માન કર્મ થી જ મળે,પ્રચારથી નહીં.
★જાપ રવિવારે સૂર્યને જળ અને ◦×શ્રીમન રાજેન્દ્રાય નમઃ×
★૬.રામભદ્ર ઘરનું કલ્યાણ કરનાર
×ભદ્ર× એટલે મંગળ.ઘરમાં બીમારી, પૈસાની તંગી,અજાણ્યો ભય હોય તો આ નામ ઔષધ છે.
★ચિંતન:દાનનો સાચો અર્થ સેવા છે રામભદ્ર આપણને ×લેવા× નહીં ×આપવા× શીખવે છે.
★જાપ:સાંજે દીવો કરીને ×શ્રી રામ ભદ્રાય નમઃ×.ઘરમાં ક્લેશ હોય તો આ નામથી શાંતિ આવે.
★૭.રામચંદ્ર-હૃદયને શીતળતા આપનાર ચંદ્ર જેમ તાપ શાંત કરે તેમ રામચંદ્ર ક્રોધ શાંત કરે. કલાકારો,લેખકો,સર્જનાત્મક લોકો માટે આ નામ પ્રેરણા છે.
★જાપ : પૂર્ણિમાની રાતે ચંદ્ર સામે બેસીને ×જય રામચંદ્ર×.મનને અપાર શાંતિ મળે.
★૮.દશાગ્રીવશિરોહર- અંદરના રાવણનો નાશ કરનાર રાવણના દશ માથા=દશ અવગુણ.કામ,ક્રોધ, લોભ મોહ,મદ,મત્સર...
આજે સમાજમાં સૌથી મોટો રાવણ છે ×લોભ×. દાનના નામે પણ લોભ.
આ નામનો જાપ કરવાથી પહેલા અંદરનો રાવણ મરે, પછી બહારનો દુશ્મન. ★જાપ: મંગળવારે હનુમાનજી સમક્ષ ×? દશાગ્રીવ શિરોહરાય નમઃ×૧૦૮ વાર.
★૯. સદા હનુમદાશ્રય - ભક્તિનો માર્ગ જે હંમેશા હનુમાનના હૃદયમાં રહે.આજે લોકોને ભગવાન નથી જોઈતા, ભગવાન સુધી પહોંચાડનાર ગુરુ જોઈએ. હનુમાનજી જેવો સેવક બીજો કોણ?
★જાપ: શનિવારે ×સદા હનુમદાશ્રયાય નમઃ×આ નામથી હનુમાનજીની કૃપા તરત મળે.
★૧૦.હરિ-પાપોને હરનાર ×હરિ× એટલે જે દુઃખ હરી લે.જીવનમાં ભૂલો થાય. દાનમાં પણ ભૂલ થઈ શકે. પણ પ્રાયશ્ચિતનો માર્ગ હંમેશા ખુલ્લો છે.
★જાપ રાત્રે સૂતા પહેલા ×હરે રામ હરે રામ, રામ રામ હરે હરે× આ સોળ શબ્દો આત્માને ધોઈ નાખે.
★આજના સમય માટે સંદેશ જૂઓ, કોર્ટ-કચેરી, ટ્રસ્ટ, નોટિસ આ બધું વ્યવસ્થા માટે જરૂરી છે.મહંતજી એ પણ કહ્યું કે અમે કાયદાનું સન્માન કરીએ છીએ.પણ વ્યવસ્થા તૂટે તો ધર્મ નથી તૂટતો. ધર્મ ટકે છે એક શબ્દથી- ×શ્રદ્ધા×.આજે જો દાનની પેટીમાં પૈસા ઓછા થાય તો ચિંતા ન કરો. તમારા હૃદયની પેટીમાં ×રામ નામ× ભરો. એ પેટી ક્યારેય ચોરાતી નથી.
★રામ આવશે તો જીવન બદલાશે રામ આયેંગે તો આંગન સજાઉંગી, દીપ જલાકે દિવાલી મનાઉંગી... મેરી ઝોપડી કે ભાગ આજ ખુલ જાએંગે,રામ આયેંગે.. જ્યારે રામ અંદર આવે ત્યારે બહારની કોઈ ખોટ ખટકતી નથી.
તો આજથી સંકલ્પ લો.૧૦ માંથી ૧ નામ પસંદ કરો. જે તમારી સમસ્યા છે તેનું નામ જપો.× સિયારામ મય સબ જગ જાની, કરહુ પ્રણામ જોરી જુગ પાની× આખું જગત રામમય છે. બસ જોવાની દ્રષ્ટિ જોઈએ.

# ડીસામાં મકાનમાંથી રૂપિયા ૬.૪૦ લાખનું અખાદ્ય શંકાસ્પદ ઘી ઝડપાયું

પાલનપુર, તા.૧૪

બનાસકાંઠા એસ.ઓ.જી.ની ટીમે બાતમીના આધારે ડીસાના રહેણાંક મકાનમાંથી શંકાસ્પદ ઘીના અલગ અલગ પેકિંગના 2334 ડબ્બા 15 કિલો ગ્રામના મોટા 19 ડબા તથા પ્લાસ્ટિકના પાઉચ નંગ 120 ઝડપી લઈ જ્યોતિ ટ્રેડિંગ-કમિશન એજન્ટ પેઢીના બે ભાગીદારો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.એસ.ઓ.જી. પીએસઆઈ તથા સ્ટાફ ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, ડીસાના કાપડી વાસમાં રહેતા રવિકુમાર ભરતભાઈ પંચીવાલા (જ્યોતિ ટ્રેડિંગ-કમિશન એજન્ટ) તથા તેમના ભાગીદાર હિતેશકુમાર પ્રકાશભાઈ મહેસુરીયા (રહે. જોગકૃપા સોસાયટી, ડીસા) પોતાના મકાનમાં અખાદ્ય ઘી વેચાણ માટે રાખે છે. આ બાતમીના આધારે એસ.ઓ.જી. ની ટીમે રેડ કરી રવિકુમાર પંચીવાલાના ઘરેથી શંકાસ્પદ ઘીના નાના-મોટા ડબ્બા નંગ 2334, 15 kgના મોટા ડબ્બા નંગ 19 તથા પ્લાસ્ટિકના પાઉચ નંગ 120 મળી કુલ રૂ. 640552નો મુદામાલ ઝડપી જે શંકાસ્પદ જણાતા કબજે કરી ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે બનાસકાંઠા એસ.ઓ.જી.એ છાપી પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી અખાદ્ય શંકાસ્પદ ઘીનો રૂ. 389200નો જથ્થો, ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી અખાદ્ય શંકાસ્પદ ઘીનો રૂ.572000નો જથ્થો તથા ગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અખાદ્ય શંકાસ્પદ ઘી નો રૂ.475,000નો જથ્થો ઝડપી પાડ્યો હતો.

# ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** કામના સ્થળે સાનુકુળ પરિસ્થિતિ રહેશે. વેપારમાં લાભના સંજોગ છે. પરંતુ આજે વ્યવહાર પર ખાસ ધ્યાન આપજો, કોઈને સાથે અણબનાવ બનવાની આશંકા છે. પારિવારિક જીવનમાં જીવનસાથી સાથે સુમેળભર્યા સંબંધો રહેશે.

**વૃષભ:** આજે ગુસ્સો વધારે આવશે તો અંકુશ જાળવી રાખજો. કેટલાક લોકોને આળસ આવશે. વિદ્યાર્થીઓએ અભ્યાસ પર ખાસ ધ્યાન આપવું. કામ અંગે પણ ખાસ તકેદારી રાખવી.

**મિથુન:** આજે ટીમવર્કમાં કામ કરવું જોઈએ, જેથી સારા પરિણામ મળશે. વાતચીત દરમિયાન નવો આઈડિયા આવી શકે છે. મિત્ર માટે પ્રેઝન્ટ ખરીદતી વખતે ખર્ચ પર ધ્યાન આપવું.

**કર્ક:** આજે આપ દિવસ દરમિયાન વ્યસ્ત રહેશો. સાંજ સુધી આ રાશિના લોકોને સારા સમાચાર મળી શકે છે. આજે રોકાણ કરવાનું વિચારી રહ્યા છો તો દિવસ શ્રેષ્ઠ છે. કામકાજ અંગે કાળજી રાખીને આગળ વધજો.

**સિંહ:** આજનો દિવસ મંગળમય રહેશે. શુભ દિવસનો લાભ ઉઠાવવો જોઈએ. કામના સ્થળે તાલમેલથી કામ કરવું અને સહ કર્મચારીઓ સાથે વિવાદમાં ઉતરતાં બચવું. આજે અનેક ઇચ્છાઓ પૂરી થશે. પ્રયત્ન કરવાથી જરુરી કામ પૂર્ણ થશે.

**કન્યા:** વિદ્યાર્થીઓ અભ્યાસ પર ધ્યાન આપે. વેપાર અર્થે નવી ટેકનિક ફાયદામાં રહેશે. સાંજ સુધી લાભ થશે, મહેનતની કામ કરતા રહેજો. રોમાંસ મામલે આજનો દિવસ સારો છે, કેટલાક બિન જરુરી ખર્ચા આવશે.

**તુલા:** આજનો દિવસ હળવો રહેશે. ઉતાવળમાં કામ કરતાં નુકસાન પહોંચી શકે છે. પ્રયત્ન કરતાં રહેશો તો અટકેલુ કામ પૂર્ણ થશે. બહાર નકામા ખર્ચા કર્યા વગર ઘરે પરિવાર સાથે સમય વિતાવજો, કારણ કે તમારો ખર્ચ વધારે છે.

**વૃશ્ચિક:** આજે જીવનમાં કંઇક ખાસ અનુભવ થશે, પરંતુ જોખમવાળા કામમાં ધ્યાન આપવુ જરુરી છે. પરિવારમાં વિરોધીઓ છે તો આજે સાચવીને રહેવું. આજે એક સમયે એક જ કામ કરવાનો દિવસ છે

**ધન:** આજનો દિવસ શુભ રહેશે. કામનું પ્રેશર રહેશે, વ્યસ્ત રહેશો. બુદ્ધિ અને સમજશક્તિથી કરેલા કામથી આજે લાભ થશે. જૂની અડચણનો અંત આવી શકે છે.

**મકર:** આજે તમારો દિવસ સારો વિતશે. તમારા સંબધીઓ સાથે જૂના વિવાદોને દૂર કરવાની તક આપશે. ગુસ્સો આવી શકે છે, તો દિવસ દરમિયાન વાણી પર અંકુશ રાખવો જરુરી છે, નહીં તો પરિવારમાં વિવાદ વધશે.

**કુંભ:** આજે આપનો દિવસ મિશ્રણભર્યો રહેશે. બપોર સુધી આકરી મહેનત કરવી પડશે. સાંજ સુધી લાભની તકો મળશે. સાંજના સમયે કામમાંથી સમય કાઢીને પાર્ટી કરી શકો છો.

**મીન:** આજે બપોર પહેલા કોઇ સારા સમાચાર મળી શકે છે. કામના સ્થળે સહયોગીઓની મદદ મળશે, ટીમવર્કથી તમારું કામ સમયસર પૂરુ થશે. લેવડ-દેવડ અને વેપારમાં નુકસાન થઇ શકે છે.

## શ્રીમતી એચ.એન.રાવલ, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, મહેસાણા(શહેર)ની કોર્ટમાં

ન.એમએજી/જન્મ મરણ નોંધણી/કેસ ન. ૪૨/૨૦૨૬ તા. ૦૭/૦૭/૨૦૨૬

## જાહેર નોટીસ

**અરજદારશ્રીઃ** - ઠાકોર દિનેશજી લીલાજી રહે. ૪૧, પ્રદુષણ પરા, ભીમનાથ મંદિર પાછળ, મહેસાણા

વિરુધ્ધ

**સામાવાળાઃ** - (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, મહેસાણા મહાનગરપાલિકા.

જન્મ નોંધણીઃ-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદારશ્રીએ તેઓના માતાશ્રી નામે " ઠાકોર સમજૂબેન લીલાજી " નું અવસાન તા. ૧૬/૧૧/૨૦૨૪ ના રોજ મોજે. મહેસાણા, તા. જી. મહેસાણા મુકામે થયેલ છે. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે જન્મની નોંધણી મહેસાણા નગરપાલિકાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધા કે તકરાર કે રજુઆત હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી.

આજ તા. ૭ / ૭ / ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મહેસાણા (ગ્રામ્ય)

